ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૦૩.૧૨.૨૦૧૭

--------

કોંગ્રેસીઓ કે રાહુલ ગાંધી આવે તો તેને પૂછજો કે તેમનો એજન્ડા શુ છે ?

--------

ભારતીય જનતા પાર્ટી ગુજરાતની ૬.૫ કરોડ જનતાના આશીર્વાદ સાથે
ગુજરાતના વિકાસનો એજન્ડા લઇને ચૂંટણીનાં મેદાનમાં છે

--------

એક તરફ કોંગ્રેસ જાતિવાદનું ઝેર ફેલાવી રહી છે, તો બીજી તરફ
ભાજપા વિકાસના મુદા પર ચૂંટણી લડી રહી છે

--------

ભાજપા જ્યારે ચૂંટણી મેદાનમાં જાય છે, ત્યારે પાંચ વર્ષની કામગીરી
અને પાઇ પાઇનો હિસાબ લઇને જનતા વચ્ચે જાય છે

--------

ગુજરાતની જનતાને કરબધ્ધ વિનંતી કે તમે એટલાં જોરથી કમળનું બટન
દબાવીને ભાજપાના ૧૫૦થી વધુ સીટ અપાવો કે તેનો કરંટ ઇટાલીમાં લાગે.

--------

આદિવાસી વિસ્તારોમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ૬૭ હજાર કરોડના વિકાસ કાર્યો થયાં

--------

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે આજરોજ માંડવી અને મહુવા ખાતે યોજાયેલી જાહેરસભામાં જંગી જનમેદનીને સંબોધતા જણાવ્યું હતુ કે, ગુજરાતની જનતાએ નક્કી કરવાનું છે કે, આવતા પાંચ વર્ષ માટે કઇ પાર્ટીને અને કઇ વ્યક્તિને ગુજરાતનું સુકાન સોંપવું છું. એટલા માટે જ ગુજરાતના ગામે ગામ ભાજપાના નેતાઓ અને કાર્યકરો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો સંદેશો લઇ નીકળ્યાં છે. મિત્રો, ચૂંટણી માટેનો કોઇ એજન્ડા હોવો જોઇએ કે નહીં ? કોંગ્રેસીયાઓ કે રાહુલ ગાંધી આવે તો તેને પૂછજો કે તેમનો એજન્ડા શુ છે ? હજુ સુધી એ જ ખબર નથી કે કોંગ્રેસનો ચૂંટણી એજન્ડા શું છે. ભારતીય જનતા પાર્ટી ગુજરાતની ૬.૫ કરોડ જનતાના આશીર્વાદ સાથે ગુજરાતના વિકાસનો એજન્ડા લઇને ચૂંટણીનાં મેદાનમાં છે. એક તરફ કોંગ્રેસ જાતિવાદનું ઝેર ફેલાવી રહી છે, તો બીજી તરફ ભાજપા વિકાસના મુદા પર ચૂંટણી લડી રહી છે. રાહુલ ગાંધી પૂછતાં હતાં કે, સાડા ત્રણ વર્ષમાં શું કર્યુ ? દરરોજ એક ટ્વીટ કરતાં હતાં, આજે પણ એક ટ્વીટ કર્યું છે. અમે બધી ટ્વીટનો જવાબ આપીશું પરંતુ હું તેમને પુછવા માંગુ છું કે, એકવાર કાગળ હાથમાં લીધા વગર બધી ટ્વીટ મોઢે બોલી બતાવે. તાજેતરમાં જ ધ્રાંગધ્રા કોંગ્રેસના નેતા ભાજપામાં જોડાયા, મેં તેમને પુછ્યું કે શું થયું ? તો તેમણે જવાબ આપ્યો કે, રાહુલને ધ્રાંગધ્રા બોલતાં પણ નથી આવડતું તો તે ગુજરાતનું કલ્યાણ કેવી રીતે કરશે ?

શ્રી અમિતભાઇ શાહે વધુમાં જણાવ્યું હતું કે, રાહુલે ગુજરાતના વિકાસનો હિસાબ માંગ્યો છે. હું તેમને જણાવવા માંગુ છું કે, રાહુલબાબા ભાજપા જ્યારે ચૂંટણી મેદાનમાં જાય છે, ત્યારે પાંચ વર્ષની કામગીરી અને પાઇ પાઇનો હિસાબ લઇને જનતા વચ્ચે જાય છે. અમે તો હિસાબ આપ્યો પણ દસ વર્ષ સુધી કેન્દ્રની મનમોહન-સોનીયા સરકારે ગુજરાત માટે શું કર્યું ? તેનો હિસાબ તમે ગુજરાતની જનતાને આપો. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતનાં તમે ઉભા કરેલા પ્રશ્નોને હલ કર્યા છે તેમજ ગુજરાતને ન્યાય અપાવ્યો છે. કોંગ્રેસ ગુજરાતના વિકાસ આડે રોડા નાંખી રહી હતી તેથી જ વિકાસ કાર્યોમાં વિલંબ થઇ રહ્યો હતો. કોંગ્રેસની મેલી મુરાદને લીધે નર્મદા યોજના વર્ષો સુધી અટકાવવામાં આવી, ઓઇલ અને ગેસની રૂ. ૮૦૦૦ કરોડની રોયલ્ટી કોંગ્રેસે અટકાવી રાખેલ હતી તે મોદી સરકારે મંજૂર કરી દીધી છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૧૨૦૦ કિ.મી. ના રાજમાર્ગો આપ્યાં, બુલેટ ટ્રેનની સાથે સાથે નવી ૩૩ ટ્રેનો આપી, ઇન્ટરનેશનલ એરપોર્ટ આપ્યું, ગુજરાતની ગ્રાન્ટમાં વધારો કર્યો, કોંગ્રેસ સરકારના ૧૩માં નાણાંપંચમાં ગુજરાત સરકારને ૬૩૦૦ કરોડ રૂપિયા હતાં, જ્યારે ભાજપા સરકારે ૧૪માં નાણાંપંચમાં ગુજરાતને ૧,૪૮,૦૦૦ કરોડની જોગવાઇ કરી છે.

શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે, ગુજરાત આવીને રાહુલ ગાંધી દરરોજ રોજગારી-રોજગારી કરે છે, પરંતુ અમેઠીના ૧૩૬૭૨ યુવાનો રોજગારી માટે ગુજરાતમાં સ્થાયી થયાં છે. પહેલાં તેનો જવાબ આપો. આઝાદીના ૭૦ વર્ષ પછી અમેઠીની કલેક્ટર ઓફીસનું ભૂમીપૂજન હજુ હમણાં જ કરીને આવ્યો છું. તાજેતરના યુ. પી. ના પરિણામોમાં કોંગ્રેસનું એકપણ નગરપાલિકામાં ખાતુ પણ ખુલ્યું નથી. કોંગ્રેસના નેતાઓ ગુજરાતમાં બહુ મોટા જુઠ્ઠાણાઓ ફેલાવે છે. આદિવાસી વિસ્તારોમાં જઇને બહુ મોટા જુઠ્ઠાણાઓ ફેલાવે છે, કે કંઇ કામ નથી કર્યું. ગુજરાતની ભાજપા સરકાર ૨૦૦૨ થી ૨૦૧૪ સુધીમાં અને ૨૦૧૪ થી ૨૦૧૭ સુધીમાં ભાજપાની કેન્દ્ર સરકારે આદિવાસી કલ્યાણનાં અનેક કાર્યો કર્યા છે. દરેક બજેટમાં આદિવાસી વિસ્તારો માટે બજેટમાં અલગથી જોગવાઇ કરવાની હોય છે. જે સંવૈધાનિક જોગવાઇ છે. શ્રી મોદીજીએ તેની શરૂઆત કરી અને આદિવાસી વિસ્તાર અને સમાજનાં લોકો માટે વનબંધુ કલ્યાણ યોજના ચાલુ કરી જેમાં તમામ સુવિધાઓ માટે ૬૭૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કર્યા. હું કોગ્રેસના તુષાર ચૌધરી પાસેથી હિસાબ માંગુ છુ કે, તેમણે ૧૫ વર્ષ સુધી શું કર્યું ? તેઓ કેવી વિચિત્ર યોજનાઓ લાવતાં હતાં. સવારે કંઇક આપે અને સાંજે ઘેર જઇને પરત લઇ આવે. ભાજપાએ એક નવી કલ્પના સાથે સંસ્થાગત વિકાસની શરૂઆત કરી. ૧૩૪ એકલવ્ય નિવાસી શાળા, ૪૩ કન્યા નિવાસી શાળા, ૨ નવી સૈનિક શાળાઓ ખોલી, ૨,૨૫,૦૦૦ વિદ્યાર્થીઓને રહેવાની અને ભણવાની સુવિધા પુરી પાડી. ૧૭ લાખ આદિવાસી બાળકોને શિષ્યવૃત્તિ આપી. ૯ લાખ યુવાનોને સ્કીલ ડેવલપમેન્ટની તાલીમ સાથે ભરતી મેળાઓ દ્વારા ૨ વર્ષમાં ૨ લાખ લોકોને રોજગારી આપવાનું કામ કર્યું. પાંચ લાખથી વધુ આદિવાસી ખેડૂતોને બીજ અને ખાતર આપ્યું. ૧૦૦ ટકા આદિવાસી વિસ્તારોને પાકા રસ્તાઓથી જોડવાનું કાર્ય કર્યું. તુષારભાઇ પાસેથી હિસાબ માંગો કે, તેમનાં સમયમાં અંધારૂ શા માટે હતું ? આજે ભાજપાએ ૨૪ કલાક વિજળી આપવાનું વચન પૂરૂ કર્યું છે. ૬ લાખ એકર ખેતીની જમીનને સિંચાઇનું પાણી આપવાનું કામ ભાજપાએ કર્યું છે. જ્યાં ૭૫ ટકાથી વધુ આદિવાસી જનસંખ્યા હોય તેવા વિસ્તારમાં ૧૦૦ નવા વિજળીના સબસ્ટેશનો બનાવવાનું કામ અમે કર્યું છે. ૧,૬૬,૬૬૧ લોકોને બે વર્ષમાં તેમનાં ઘરે મફતમાં વિજળી પહોંચાડી છે. પાંચ લાખ આદિવાસી બહેનોને ઘરનું ઘર આપ્યું છે. આદિવાસી વિસ્તારોમાં ૧૫૦૦૦ ચેકડેમો બનાવ્યાં છે, અને ૬,૮૩,૦૦૦ આદિવાસી ભાઇઓને કેન્સર તથા હાર્ટની બિમારીમાંથી બચાવ્યાં છે. પાંચ જિલ્લાઓમાં નવી મેડીકલ કોલેજ બનાવવાનું કામ શરૂ કર્યું છે, અને તેનાં માટે રૂ. ૨૦૦ કરોડનું ફંડ પણ આપી દીધું છે. આદિવાસી વિસ્તારોમાં નવા જીલ્લાઓ બનાવ્યાં છે. કોંગ્રેસને આવું ક્યારેય ના સુઝયું. ૧,૦૪,૦૦૦ બહેનોને ગાય-ભેંસ માટે સહાય પૂરી પાડી ડેરી ઉધોગ સાથે જોડી રોજગારી પૂરી પાડી છે. ૮૭,૦૦૦ આદિવાસી ખેડૂતોને ૧૩ લાખ એકર જેટલી જમીન તેનાં નામે કરવાની કામગીરી પૂર્ણ કરી છે. એક તરફ કોંગ્રેસના વાતોના વડા અને બીજી તરફ ૬૭,૦૦૦ કરોડના કાર્યો, તમે જ કહો વિકાસ કોને કહેવાય ?

શ્રી અમિતભાઇ શાહે અંતમાં જણાવ્યું હતુ કે, દેશનું સન્માન મોદીજીએ વિદેશમાં વધાર્યું છે. કોંગ્રેસ સરકાર વખતે છાશવારે આતંકવાદી હુમલાઓ થતાં હતાં, પરંતુ મોદીજીની સરકાર વખતે આતંકવાદી હુમલાનો જવાબ ઐતિહાસિક સર્જીકલ સ્ટ્રાઇક દ્વારા આપવામાં આવ્યો અને તેનું રાહુલ ગાંધી પ્રૂફ માંગી રહ્યાં છે. કોંગ્રેસના ચિદમ્બરમ એવું કહે છે કે, કાશ્મીરની આઝાદી માટે નારાઓ લાગે તેમાં શું ? પણ તેને ખબર નથી કે, ગુજરાત અને દેશની જનતાને કાશ્મીર જીવથી પણ વ્હાલું છે. ચિદમ્બરમના આ નિવેદનમાં રાહુલ ગાંધી સહમત છે કે નહીં તેનો જવાબ જનતાને આપે. ગુજરાતમાં ૨૪ કલાક વિજળી અમે આપી, ગામડે-ગામડે પાકા રસ્તાઓ આપ્યાં. ગુજરાતની જનતાને કરબધ્ધ વિનંતી કે તમે એટલાં જોરથી કમળનું બટન દબાવીને ભાજપાના ૧૫૦થી વધુ સીટ અપાવો કે તેનો કરંટ ઇટાલીમાં લાગે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૦૩.૧૨.૨૦૧૭

---------------------

## નોટબંધી થકી દેશની અર્થવ્યવસ્થામાં સુધારો થયો

---------------------

## દેશને મજબૂત વિકાસની દિશા મળી

---------------------

## કોંગ્રેસ વિકાસ વિરોધી, સુધારણા વિરોધી

---------------------

દેશના અર્થતંત્રને મજબૂતાઇ તરફ લઇ જનાર અને અર્થવ્યવસ્થામાં સુધારો કરવાના મક્કમ નિર્ધાર સાથે, આતંકવાદીઓની પ્રવૃત્તિને મળતા નાણાંને અટકાવવાં માટે અને કાળા નાણાંને દૂર કરી શુધ્ધ આર્થિક વ્યવસ્થા નિર્માણ કરવા માટે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ એક વર્ષ પહેલાં નોટબંધીનો ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ બદલવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો હતો તેના સારાં અને દેશના ભવિષ્યને ઉજ્જવળ કરવાના પરિણામો મળી રહ્યાં છે. દેશને મજબૂત વિકાસની દિશા મળી છે, જ્યારે કોંગ્રેસ વિકાસ વિરોધી, સુધારણા વિરોધી વાતો કરી રહી છે, તે દેશ જાણી ચુક્યો છે.

ભાજપાના પ્રદેશ પ્રવક્તા ડો. જગદીશ ભાવસારે આ અંગેની વિગતોમાં જણાવ્યું હતું કે, રિઝર્વ બેંકના રિપોર્ટ અનુસાર ૩૦ જૂન ૨૦૧૭ સુધી ૧૫.૨૮ લાખ કરોડ રૂપિયાની નોટ અર્થતંત્રમાં બેંકોમાં જમા થઇ ગઇ છે. સપ્ટેમ્બર ૨૦૧૭ના અર્ધ વાર્ષિકઅહેવાલ અનુસાર ૧૫.૮૯ લાખ કરોડ રૂપિયા આર્થિક વ્યવહારમાં હતાં.

નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં ૫.૪૩ કરોડ લોકોએ ઇન્કમટેક્ષ રિટર્ન ફાઇલ કર્યા હતાં. ૨૦૧૫-૧૬થી તે ૧૭.૩ ટકા વધારે છે. નોટબંધી બાદ ૧.૨૬ કરોડ નવા કરદાતાઓ ટેક્ષ ભરવામાં સામેલ થયાછે. નોટબંધીના કારણે અર્થ વ્યવસ્થામાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. નોટબંધીના કારણે દેશની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. દેશમાં કર ભરનારની સંખ્યા ૨૦૧૬-૧૭માં ૬.૫ કરોડ થઇ છે. નોટબંધીએ દેશમાં ૧૬ ટકા લોકોને કર ભરવાં તરફ લઇ જવાની પ્રેરણા આપી છે.

નોટબંધી બાદ ક્રેડિટકાર્ડ અને ડેબિટકાર્ડનું ટ્રાન્ઝેક્શન વધ્યું છે. સરકાર દ્વારા જનતાને આપવામાં આવતાં લાભ બેંક એકાઉન્ટમાં આપવાના ચાલુ થયાં છે. વચેટીયા, દલાલોના વર્ગને નાબુદ કરવામાં સફળતા મળી છે. સરકારની આવક વધતા સમાજકલ્યાણલક્ષી કાર્યો પાછળ ખર્ચ વધ્યો છે. ગરીબોના કલ્યાણના માર્ગ ખુલ્યાં છે. કોંગ્રેસના શાસનમાં વડાપ્રધાને કહ્યું હતું કે, ૧ રૂપિયો ફાળવીએ છીએ ને ૧૫ પૈસા લાભાર્થી સુધી પહોંચે છે, ભ્રષ્ટાચાર થતો હતો. જ્યારે ભાજપાની સરકારમાં વિકાસ માટેના નાણાં લોકો સુધી સીધાજ પહોચે છે. નોટબંધી એ રાષ્ટ્રના ભાગ્યને બદલનારો નિર્ણય બની ગયો છે. વિરોધીઓની નકારાત્મક્તાને પરાસ્ત કરનારો નિર્ણય બની ગયો છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૦૩.૧૨.૨૦૧૭

---------------------

સાણંદ ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી કનુભાઇ પટેલના મધ્યસ્થ કાર્યાલયનો કેન્દ્રિય ગૃહમંત્રી
શ્રી રાજનાથસિંહના હસ્તે શુભારંભ

---------------------

કોંગ્રેસ જ્યારે હાથ પકડે છે, તેમાં પોતે તો ડૂબે જ છે,
પરંતુ તેનો હાથ પકડનારને પણ ડૂબાડે છે - શ્રી રાજનાથસિંહ

---------------------

જાત-પાત, ધર્મના આધારે દેશને વિભાજીત કરવાની વોટબેંકની રાજનીતિ કરનાર
કોંગ્રેસને દેશની તથા ગુજરાતની પ્રજા સુપેરે ઓળખે છે - શ્રી રાજનાથસિંહ

---------------------

આજરોજ સાણંદ ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી કનુભાઇ પટેલના મધ્યસ્થ કાર્યાલયનો કેન્દ્રિય ગૃહ મંત્રીશ્રી રાજનાથસિંહે શુભારંભ કરાવ્યો હતો. ભાજપાના ઉમેદવાર શ્રી કનુભાઇ પટેલની પ્રશંસા કરતાં તેમણે જણાવ્યું હતું કે, તેમના પ્રવચનમાંથી આ વિસ્તારને માટે પ્રજા કલ્યાણના કાર્યો કરવાની ભાવના તેમના શબ્દોમાં વ્યક્ત થાય છે. આ વિસ્તાર માટે કંઇક કરી છૂટવાની તેમના દિલમાં તમન્ના છે.

કોંગ્રેસના શીર્ષસ્થ નેતા ગુજરાતમાં આવીને ભાજપાને જ્યારે પ્રશ્ન પુછે છે કે, ૨૨ વર્ષના શાસન દરમ્યાન ભાજપાએ ગુજરાત માટે શું કર્યું ? ત્યારે મારે તેનો જવાબ આપતાં જણાવવું છે કે, ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીઓ દરમ્યાન ગુજરાતની તથા ભારતની પ્રજાએ ભાજપાને ખોબલે ખોબલે મત આપીને ગુજરાતમાં ભાજપાએ કરેલા વિકાસના મોડેલને સ્વીકારીને કોંગ્રેસના પ્રશ્નોનો તે સમયે જ જબડતોડ જવાબ આપી દીધો છે. ગુજરાતના માન, સન્માન તથા સ્વાભિમાનને શ્રી નરેન્દ્રભાઇએ સમગ્ર વિશ્વમાં ગુંજતુ કરવાનું પ્રશંસનીય કાર્ય કર્યું છે. વિકાસ ધીમો થઇ શકે, વિકાસ તેજ થઇ શકે, પરંતુ વિકાસને પાગલ કહેનાર વ્યક્તિને શું કહેવાય તે ગુજરાતની પ્રજા બરોબર જાણે છે. સને ૨૦૦૮માં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાતે સાધેલા વિકાસની રાજીવ ગાંધી ફાઉન્ડેશન દ્વારા જ ભરપૂર પ્રશંસા કરવામાં આવી હતી, તેનો શ્રી રાહુલ ગાંધી પાસે શું જવાબ છે ?

આઝાદીના ૭૦ વર્ષના ગાળામાં ૫૦ થી ૫૫ વર્ષ નહેરૂ ગાંધી પરિવારે આ દેશ ઉપર શાસન કર્યું છે, પરંતુ આજે પણ ભારત દેશની ગણતરી વિશ્વના ગરીબ દેશોમાં થાય છે, તેની જવાબદારી કોની? તેવો વેધક પ્રશ્ન શ્રી રાજનાથસિંહે કોંગ્રેસને કર્યો હતો. ભાજપા ભારત દેશને દુનિયાના સૌથી શક્તિશાળી અને આર્થિક રીતે સંપન્ન દેશ બનાવવાનું સ્વપ્ન લઇને ચાલી રહી છે. કેન્દ્રિય મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, કોંગ્રેસ જેનો હાથ પકડે છે ત્યારે તે પોતે તો ડૂબે જ છે, પરંતુ હાથ પકડનારને પણ ડૂબાડે જ છે, તે ભૂલવા જેવું નથી. જમ્મુ કાશ્મીરમાં તથા ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસનો હાથ પકડનારા ડૂબ્યાં જ છે. ઉરીની ઘટના પછી સર્જીકલ સ્ટ્રાઇક દ્વારા પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપીને ભારતે પોતાનું સામર્થ્ય પૂરવાર કર્યું છે. કોંગ્રેસના શાસનમાં તત્કાલિન કોંગ્રેસી ગૃહમંત્રી દ્વારા હિન્દુ આતંકવાદની વાત કરાઇ હતી, ત્યારે તેની પ્રશંસા તે સમયે પાકિસ્તાની આતંકવાદી હાફિઝ સૈઇદે કરી હતી. જાત-પાત, ધર્મના આધારે દેશને તથા રાજ્યને વિભાજીત કરવાની કોંગ્રેસની વોટબેંકની રાજનીતિને દેશની પ્રજા સુપેરે ઓળખી ચૂકી છે. પ્રધાનમંત્રી માટે મર્યાદાનું ઉલ્લંઘન કરીને બેફામ ઉચ્ચારણો કરનાર કોંગ્રેસે ગુજરાતની પ્રજાને જવાબ આપવો પડશે. ગુજરાતમાં કમળના પ્રતિક ઉપર બટન દબાવીને શ્રી કનુભાઇ પટેલને જંગી મતોથી વિજયી બનાવવા શ્રી રાજનાથસિંહે સૌને અપીલ કરી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા.૦૩.૧૨.૨૦૧૭

-----------------------

## ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી

## આજે ચાર સ્થાનો પર ગુજરાત વિકાસ રેલીને સંબોધશે

-----------------------

ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી ડૉ. જગદીશ ભાવસારે એક અખબારી યાદીમાં જણાવ્યું હતુ કે, ગુજરાતના ગૌરવ, રાષ્ટ્રભક્ત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી ૦૪ ડીસેમ્બરના રોજ ગુજરાતમાં ૯ ડીસેમ્બરના રોજ યોજાનારી પ્રથમ તબક્કાની ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારોના ચૂંટણી પ્રચારાર્થે ચાર સ્થાનો પર ગુજરાત વિકાસ રેલીને સંબોધશે.

| તારીખ | સ્થળ | સમય |
|---|---|---|
| ૦૪ ડિસેમ્બર, ૨૦૧૭ **04 December, 2017** | મનનપાડા, સ્વામિનારાયણ સ્કુલ સામે, ધરમપુર | સવારે ૧૦.૦૦ કલાકે |
| | ચિત્રા માર્કેટ યાર્ડ સામે, સ્વામિનારાયણ નજીક, ચિત્રા, ભાવનગર | સવારે ૧૨.૦૦ કલાકે |
| | કૃષિ યુનિવર્સીટી ગ્રાઉન્ડ, જુનાગઢ | બપોરે ૨.૦૦ કલાકે |
| | એક્ઝીબીશન ગ્રાઉન્ડ, જામનગર | બપોરે ૪.૦૦ કલાકે |

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૫ તા.૦૩.૧૨.૨૦૧૭

----------------

# ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ
# ૪ ડીસેમ્બરના રોજ ચાર જાહેરસભાને સંબોધશે

----------------

## ૯ ડીસેમ્બરના રોજ યોજાનારી દક્ષિણ ગુજરાત અને કચ્છની બેઠકોમાં ચૂંટણી પ્રચાર કરશે

----------------

ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી ડૉ. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે, ભાજપાના યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજનીતિના ચાણક્યશ્રી અમિતભાઇ શાહ ૩ ડિસેમ્બરના રોજ ગુજરાતમાં ચાર જાહેરસભા અને એક બેઠકને સંબોધન કરશે.

| તારીખ | સ્થળ | સમય |
|---|---|---|
| ૦૪ ડિસેમ્બર, ૨૦૧૭<br>**04 December, 2017** | નેશન ચર્ચ, વ્યારા | સવારે ૧૧.૫૦ કલાકે |
| | ભાજપા નગર કાર્યાલય બારડોલી | બપોરે ૧.૩૦ કલાકે |
| | મરોલી, જલાલપોર | બપોરે ૪.૦૦ કલાકે |
| | ચિખલી ક્રિકેટ ગ્રાઉન્ડ, ગણદેવી | સાંજે ૫.૪૦ કલાકે |
| | નવસારી કાર્યાલય | સાંજે ૭.૦૦ કલાકે |

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૬ તા.૦૩.૧૨.૨૦૧૭

----------------

## ભાજપાના રાષ્ટ્રીય નેતાઓ અને કેન્દ્રીય મંત્રીશ્રીઓનો ૪ ડીસેમ્બરનો ચૂંટણી પ્રચાર કાર્યક્રમ

----------------

| ક્રમ | નેતાશ્રીનું નામ | સમય | સ્થળ |
|---|---|---|---|
| તા. ૦૪/૧૨/૨૦૧૭ DateV 04/12/2017 | | | |
| ૧ | શ્રી હંસરાજ આહીર - કેન્દ્રિય મંત્રીશ્રી | સાંજે ૦૬-૦૦ કલાકે | બોરડા, તા. તળાજા, જિ. ભાવનગર |
| ૨ | શ્રી પરસોત્તમભાઇ રૂપાલા-કેન્દ્રિય મંત્રીશ્રી | સવારે ૧૧.૧૫ કલાકે | પ્રતાપપુરા મેદાન, સંતરામપુર |
| | | બપોરે ૧૨.૩૦ કલાકે | પાંડરવાડા બસસ્ટેન્ડ પાસે, તા. ખાનપુર (લુણાવાડા વિધાનસભા) |
| | | બપોરે ૩.૦૦ કલાકે | મુ. ચુનેલ, મહુધા વિધાનસભા |
| | | સાંજે ૦૪.૧૫ કલાકે | જલારામ મંદિર, લાભપુરા, ડાકોર (ઠાસરા વિધાનસભા) |
| | | સાંજે ૭.૦૦ કલાકે | મુ. ઉંડેલ, તા. ખંભાત, જિ. આણંદ |
| ૩ | શ્રી પરેશભાઇ રાવલ-સંસદસભ્યશ્રી | સાંજે ૦૪-૧૫ કલાકે | એપીએમસી ગ્રાઉન્ડ, સેલંબા, સુરત (ડેડીયાપાડા વિધાનસભા) |
| | | સાંજે ૦૫-૦૦ કલાકે | કોર્ટ સફીલ રોડ, ભાગળ ચાર રસ્તા, સુરત |
| | | રાત્રે ૦૮-૦૦ કલાકે | પારસ પોલીસ ચોકી, પારસ સોસાયટી વિભાગ-૧, કતારગામ, સુરત |
| | | રાત્રે ૦૯-૦૦ કલાકે | મોતીનગર સર્કલ, નાના વરાછા, સુરત |
| ૪ | મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી | રોડ શો | નરોડા વિધાનસભા |
| | | રોડ શો | દાણીલીમડા વિધાનસભા |
| ૫ | શ્રી શંભુનાથજી ટુંડીયા, અનુસૂચિત જાતિ મોરચા પ્રમુખ | સવારે ૧૦.૦૦ કલાકે | કોડીનાર ખાતે |
| | | બપોરે ૨.૦૦ કલાકે | મહુવા, જિ. ભાવનગર ખાતે |
| | | સાંજે ૦૪-૩૦ કલાકે | પોરબંદર ખાતે |
| ૬ | શ્રી રવિ સતીજા | સાંજે ૦૪-૦૦ કલાકે | જલારામ મંદીર, લાભપુરા, ડાકોર, |
| | | સાંજે ૦૬-૩૦ કલાકે | મુ. ઉંડેલ, ખંભાત |

(ડો. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ